| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૦/૦૬/૨૦૨૦ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૯૩૨/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૯/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૫૦૬ | ૧૧ | ૮૫૧૭ | ૧૪૬૧૫ | ૧૩ | ૧૪૬૨૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૨૬ | ૧ | ૪૨૨૭ | ૫૭૩૯ | ૦ | ૫૭૩૯ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૨૯ | ૦ | ૨૯ | ૧૯૯ | ૦ | ૧૯૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૫૪૩ | ૩૨ | ૭૫૭૫ | ૮૫૬૩ | ૨૫ | ૮૫૮૮ |
| કુલ | | ૨૦૩૦૪ | ૪૪ | ૨૦૩૪૮ | ૨૯૧૧૬ | ૩૮ | ૨૯૧૫૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૯૯ | 33,૫00/- |

# માસ્ક વિતરણ

**એલીસબ્રિજ પોલીસ સ્ટેશન** :-

એલીસબ્રિજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં માઈક્રો કન્ટેનમેન્ટ વિસ્તારમાં એલીસ્બ્રિજ પોલીસે માસ્કનુ વિતરણ કર્યુ હતુ.

| | | |
|---|---|---|
|  |  |  |
|  |  |  |

# SHE ટીમની કામગીરી

**શાહીબાગ પોલીસ સ્ટેશન** :-

શાહીબાગ પોલીસ સ્ટેશનની "સી" ટીમ દ્વારા મોબાઈલ ફોન મારફતે સિનિયર સિટીઝન ની ખબર અંતર પૂછતાં તે દરમ્યાન સીનિયર સિટીજન બહેન એકલા રહેતા હોય અને તેઓને દવાની જરૂરિયાત હોય જે દવા મેડીકલમાંથી લઈને તેમના ઘરે જઇને આપવામાં આવી.



# પ્રોહીના ગુનાના આરોપીની અટાકયતની વિગત

**રામોલ પોલીસ સ્ટેશન :-**

## ઈગ્લીશ દારૂનો ગણના પાત્ર કેશ શોધી કાઢતી રામોલ પોલીસ ઈગ્લીશ દારૂની બોટલો નંગ:૬૦ કીમત રૂપીયા ૩૦૦૦૦/- તથા રીક્ષા મળી કુલ્લે કીમત રૂપીયા ૮૦૦૦૦/- ના મુદ્દામાલ સાથે એક ઈસમ ઝડપાયો

પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ તારીખ:-૦૯/૦૬/૨૦૨૦ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ વી.બી.વાઘેલા તથા સ્ટાફના માણસો સાથે દારૂ જુગારની પ્રવુર્તીઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ પો.સ્ટે વીસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો લાલજીભાઈ જહાભાઈ બ.નં.૬૪૬૨ તથા પો.કો ચીરાગભાઇ ભુપતભાઈ બ.નં.૧૫૩૫ નાઓને મળેલ સંયુક્ત બાતમી આધારે વસ્ત્રાલ ન્યુ આરટીઓ રોડ સોમનાથ સોસાયટી વિભાગ:૦૨ મ.નં.બી/૧૯ ખાતે પંચો સાથે રેડ કરતા આરોપી અખીલેશ ઉર્ફે સ્વીટુ બલીભદ્ર નિગમ ઉવ:૩૬ રહે:તીલકનગર બીજી લાઈન ન્યુ આરટીઓ રોડ રામોલ અમદાવાદ શહેર ને વગર પાસ પરમીટે પોતાના કબજાની સીએનજી રીક્ષા નં.જીજે.૦૧.સીઝેડ.૪૧૦૯ તથા મકાન નં.બી/૧૯ માં મળી કુલ્લે ૬૦ નંગ ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો કીમત રૂપીયા ૩૦૦૦૦/- તથા રીક્ષા મળી કુલ્લે કીમત રૂપીયા ૮૦૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી મળી આવેલ ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો પુરો પાડનાર નં.(૧) ભરતભાઈ છગનભાઈ મરાઠી તથા નં.(૨) મયુરભાઈ ભરતભાઈ મરાઠી બન્ને રહે:બી/૧૯ સોમનાથ સોસાયટી વિભાગ:૨ ન્યુ આરટીઓ રોડ રામોલ અમદાવાદ શહેર નાઓ સ્થળ ઉપરથી નાશી ગયેલ હોય તમામ આરોપીઓ વિરૂધ્ધ ધી પ્રોહી કલમ ૬૬(૧)બી,૬૫(એ)(ઈ),૧૧૬(બી),૯૮(૨),૮૧ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.



## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૩૩/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૮૫૦ લીટર દેશી દારૂ, ૬૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૪૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૩૪/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૯૩૫/૨૦૨૦

**સોલા હાઈકોર્ટઃ** જૈમીનભાઇ સ/ઓફ નટવરભાઇ ઓઝા (ઉ.વ.૩૧) (રહે. સેવન્થ એવન્યુ, વોડાફોન ટાવર પાછળ ગોતા) એ તા.૦૯/૦૬/૨૦૨૦ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૧૧/૨૦૧૮ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન સાંયન્સ સીટી રોડ સત્યમ કોમ્પલેક્ષમાં દુકાન નંબર-૨૧૧ ની અપ્તાસ લાઇફ સાયન્સ ઓફિસ ખાતે આરોપી કોન્સેપ્ટ ફાર્માસીટીકલ્સ કંપની તથા તેના ડાયરેક્ટર એ.બી.ગુપ્તાએ પોતાની કંપની દ્વારા જૈમીંભાઈને ટેલીફોન તથા મેઇલ થી અલગ-અલગ દવાઓના પર્ચેજ ઓર્ડર કરી જૈમીંભાઈ પાસેથી અલગ-અલગ દવાઓ કિમત રૂપિયા ૨,૨૭,૭૧,૬૦૯/- ખરીદી કરી જે પૈકી રૂપિયા ૧૭,૩૧,૮૪૧/- આર.ટી.જી.એસ. થી પેમેન્ટ કરી વિશ્વાસમા લઈ બાકી નિકળતા રૂપિયા ૨,૧૦,૩૯,૭૬૭/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે રાણા ચલાવે છે.

**વાડજઃ** રવિચંદ્રસિહ હરિસિહ રાજપુત (રહે, ગામ માંગરોલ થાના મહાકાલ પો.સ્ટે.મંગરોલા તા.જી.ઉજ્જૈન મધ્યપ્રદેશ) એ તા.૦૯/૦૬/૨૦૨૦ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૬/૨૦૧૯ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી હિતેશ કાળીદાસ શુકલા (ઓફિસ- બી/૧૭ શનશ્યામ એવન્યુ સી.યુ.શાહ કોલેજની સામે ગુજરાત એન્ટર પ્રાઇઝ તથા ૩૧ કાજલ કીરણ કોમ્પ જૈન દેરાસર પાસે નવરંગપુરા ચાર રસ્તા અમદાવાદ) એ પેન્સીલ બનાવવાના ત્રણ મશીન વેચાણ આપી રવિચંદ્રસિહ રાજપુત સાથે કરાર કર્યો હતો કે પેન્સીલ બનાવવાના ત્રણ મશીન લઈ જઈ પેન્સીલનો માલ હિતેશ શુકલાને આપવાનો તેથી રવિચંદ્રસિહ રાજપુતએ પેન્સીલનો માલ હિતેશ શુકલાને આપી દીધો હતો. ત્યારબાદ રવિચંદ્રસિહ રાજપુત પાસેથી પેનસીલ બનાવવાના ત્રણ મશીન કિમત રૂપિયા ૨,૧૦,૦૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.મિશ્રા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૯૩૬/૨૦૨૦**

**બાપુનગરઃ** મોન્ટુભાઇ સુરેશભાઇ પટેલ (ઉ.વ.૩૫) (રહે. ડી-૧૦૩ પારાસ ગેલેક્ષી કઠવાડા રોડ નરોડા) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૬/૨૦૨૦ સવારના ૧૧/30 વાગ્યાના સુમારે બાપુનગર હિરાવાડી ચાર રસ્તા પાસે આવેલ વહાણવટી કોર્પોરેશન નામના કારખાના આગળ એક એકસેસ સ્કૂટર પર આવેલ બે પુરૂષ પોતાની કારના દરવાજાનો કાચ તોડી સીટમાં મુકેલ ઓફીસ બેગની ચોરી કરી લાઈ નાસી ગયા હતા. બેગમાં રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- તેમજ જરૂરી કાગળો હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.ગઢવી ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૯૩૭/૨૦૨૦**

**નરોડાઃ** અનિલકુમાર રામજીત સિંઘ (ઉ.વ.૩૯) (રહે. હરસિધ્ધિનગર નારોલ કોર્ટ પાસે નરોલ) તા.૦૯/૦૬/૨૦૨૦ સવારના ૧૧/૪૫ વાગ્યાના સુમારે નરોડા જીઆઈડીસી પુર્ણીમાં રેલીંગ નામની કંપનીમાં ઈલેક્ટ્રીકનુ કામ કરતા હતા ત્યારે ઈલેક્ટ્રીક પેનલમાં વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અજીતસિહ કલ્યાણસિહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૩૮/૨૦૨૦**

**ચાંદખેડાઃ** ચંદ્રકાન્તભાઈ કુલચંદભાઈ પંચાલ (ઉ.વ.૫૦) (રહે. જય અદિતીપાર્ક,ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૬/૨૦૨૦ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે જગતપુર ફાટક પાસે નિર્માણ રિઝોયર્સના ધાબા પરથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી લિયાકતઅલી જહાગીરખાન ચલાવે છે.

**ઓઢવઃ** મોનીકાબહેન ડો/ઓ કાળુભાઇ ગોલતર (ઉ.વ.૧૭) (રહે. વિદ્યાનગરનો ટેકરો ભિક્ષુકગૃહ રોડ ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૬/૨૦૨૦ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પલાસ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી